RNI NO GUJGUJ/2006/24237

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, જામનગર, અમરેલી અને રાજકોટથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

રાજકોટ આવૃતિ RAJKOT

મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | સંવત ૨૦૭૪ જેઠ સુદ-૩ | શનિવાર તા.૧૬-૬-૨૦૧૮ | અંકઃ ૧૨૨ વર્ષ : ૧૬ | કિંમત રૂા. ૨-૫૦ | પાના-૮

**સરકારે ખાદ્યતેલની આયાત ડ્યૂટીમાં વધારો કરાયો**

**જમ્મુ-કાશ્મીર મુદ્દે સરકાર એક્શનમાં..! વડાપ્રધાનન મોદી-રાજનાથસિંહ વચ્ચે યોજાઇ બેઠક**

# ખેતી,પર્યાવરણ અને આરોગ્યલક્ષી માર્ગદર્શન યોજાયું





એફ્રો સંસ્થા દ્વારા ચાલતા બીસીઆઈ પ્રોજેક્સુધારેલ કપાસ યંત્રણા કાર્યક્રમ કે જે ૩ જિલ્લા જેમાં રાજકોટ, જૂનાગઢ,જામનગરનાં ૫ તાલુકા ધોરાજી, જામકંડોરણા, ઉપલેટા, જેતપુર અને જામજોધપુરના ૧૧૨ગામોના ૧૩૦૦૦ ખેડૂતોના ગ્રુપને લઇને માર્ગદર્શન આપવાનું કામ કરે છે. આ સંસ્થા કપાસની ખેતી લાંબો સમય સુધી ટકી રહે અને જળ, જમીન અને પર્યાયવરણ જળવાઈ રહે તેમજ સાથે સાથે મહિલા શક્તિકરણ બાળ વિકાસના કાર્ય કતી સંસ્થા છે. આ ઉપરાંત બાળ વિકાસ સંબંધિત ચર્ચાઓ પીપળીયા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા મહિલાઓને કીચન ગાર્ડન,સમતોલ આહારનો વિકલ્પ અને સ્વસહાય જૂથ દ્વારા સશક્તિકરણ અંગેની ચર્ચા તેમજ માર્ગદર્શન પુરું પાડવામાં આવેલ હતું. આ વિષયક બાબતો આવનારા વર્ષોમાં ખૂબ જ ગંભીર સમસ્યાઓ ન બને તે માટે અત્યારથી જ આવી સમસ્યાઓને લઇને અટકાવવાના પ્રયત્નો થાયતેમજ આ અંગે જાગૃતિ અભિયાન અંતર્ગતમીટીંગ દ્વારા માર્ગદર્શન પુરું પાડવાના કાર્યક્રમો કરવામાં આવેલ હતાં. (તસવીરો : પ્રવિણ દોંગા)